# દેવપૂજા પ્રારંભ કથા

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે



આખું બ્રહ્માંડ, સ્વર્ગ, પૃથ્વી, પાતાળ, અંતરિક્ષ પંચ મહાતત્ત્વો જલ-સ્થલ, વાયુ, અગ્નિ, આકાશ આ સર્વેનું નિર્માણ અને એમાંની સજીવ સૃષ્ટિનું રક્ષણ, પાલનપોષણ કરનારી મહાન સામર્થ્યવાન શક્તિ અસ્તિત્વમાં હશે જ એ માટે કોઇ પણ બુદ્ધિશાળી ના પાડે એવું નથી. નાસ્તિકો કદાચ જ એને નિસર્ગ કે પ્રકૃતિ સંબોધન આપતા હશે પણ શ્રદ્ધાવાન, ધાર્મિકતા સમજનારો મનુષ્ય ઉપરોક્ત દૈવી દેવવસ્તુને ઈશ્વર નામે જ ઓળખે છે પણ તે ઈશ્વરશક્તિ અદૃશ્ય સ્વરૂપમાં છે. તેથી તે અસ્તિત્વમાં જ નથી એવું વિધાન કરવું એ મોટી ભૂલ સમાન જ કહેવાય ને? અને આપણે જે દેવપૂજાનું સવિસ્તાર જ્ઞાન મેળવવાના છીએ તે હાલમાં જે અનેક નાનાંમોટાં મંદિરોમાં, ગુફાઓમાં, જળમાં અને સ્થળોમાં જે ભગવાનના વિવિધ નામોની મૂર્તિઓ છે તેમની પૂજા કેમ શાસ્ત્રીય પદ્ધતિથી કરવી તેની જ વેદાંત કથિત માહિતીના આધારે જ્ઞાન મેળવીશું. બધી જાતની મૂર્તિઓ સગુણરૂપધારી હોવાથી તે બધી જ મૂર્તિઓ ઈશ્વર એટલે દેવ તરીકે ઓળખવામાં આવે છે.

દેવપૂજા કેમ કરવી અને કેવી રીતે કરવી એનું એક શાસ્ત્ર છે. પાતળા કાગળ પર વાંસની બે કાડીઓ નિયમ પ્રમાણે ગોઠવાઈ જાય એટલે નિર્જીવ પતંગ હવામાં પક્ષી પ્રમાણે ઊડે છે અને આહ્લાદ-આનંદ આપે છે. જે પૂજક સમજીવિચારીને પૂજા કર્મ માટે સમય ફાળવે અને મૂર્તિ ફક્ત કોઈ ધાતુ-કાષ્ટ-પથ્થર કે માટી નથી પણ સાક્ષાત એક મહાશક્તિ છે એમ વિશ્વાસ અને નિષ્ઠાપૂર્ણ માનશે તો માનવીય વિચાર તરંગો અસ્તિત્વમાં ધરાવશે એવી શક્તિ મૂર્તિ પૂજામાં છે.

આપણા વેદાંતે અને ઋષિમુનિઓએ આ જગચ્ચાલક શક્તિ નિર્ગુણ સ્વરૂપમાં છે એમ કહ્યું છે પરંતુ સર્વ સામાન્ય માનવીને નિર્ગુણ કે અદૃષ્ટ શક્તિની ઉપાસના કરવી અશક્ય છે તેથી વેદ અને ઋષિઓએ જ આ નિર્ગુણી શક્તિને સગુણ સાકાર સ્વરૂપ આપીને રામ-કૃષ્ણ-મહાદેવ-ગણપતિ દેવીદેવના એવા સાકારરૂપમાં તેની ઉપાસના કરવાનું કહીને ઉપાસના સૂચવી છે અને સર્વ સામાન્ય મનુષ્ય માટે નિર્ગુણથી સગુણ તરફ જવાનો માર્ગ બતાવ્યો છે. એક સંતે લખ્યું છે, 'સગુણના આધારે, મળશે નિર્ગુણ અવશ્ય તને. આ સગુણરૂપી પરમેશ્વર બહુ જ દયાવાન છે અને તેની ભક્તિ કરવાથી જ તેની કૃપા પ્રાપ્ત થાય છે. કૃપા થવી એટલે તે પ્રસન્ન થયો એમ જ કહેવાય. તેની કૃપા સંપાદન થવા માટે જ તેની પૂજા કરવી આવશ્યક છે. આ પૂજા કરવાથી જ તેનું અનુસંધાન બંધાઈ જાય છે અને તે હું જ છું. 'અહં બ્રહ્માસ્મિ' એવો બોધ મળી જાય છે અને પૂજકનું જીવન કૃતાર્થ-ધન્ય બની જાય છે.

કેટલાક ભક્તો દેવોના બદલે સાધુસંતોની પ્રતિમા કે છાયા ચિત્રોની પૂજા કરતા દેખાય છે. એ ભક્તોને પણ મનઃશાંતિનો લાભ મળે છે. તેનું કારણ તેમની શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા અને ધ્યાસ અને સાધુસંતો પણ ઈશ્વરના અવતાર હોય છે. સર્વ સામાન્ય મનુષ્યથી વધારે નિકટ ઈશ્વરનું સાન્નિધ્ય પામેલા હોય છે અને ઈશ્વરની અલૌકિક શક્તિ એમનામાં જોવા મળે છે. એટલે લોકો સાધુસંતોની સેવા, ભક્તિ અને પૂજામાં સમય ગાળે છે અને તે ભક્તો ઈશ્વરની સેવા કરવાથી મળતાં ફળોની પ્રાપ્તિ કરે છે. કારણ ભક્ત અને ઈશ્વર અલગ નથી. ત્યાં દ્વૈત નથી એકત્વ છે અને આપણી ઉદાત્ત મહાન ભારતીય સંસ્કૃતિ કહે છે જીવમાત્રમાં અને વસ્તુમાત્રમાં ઈશ્વર છે એટલે ગરીબ, દીનદુખિયારા, અપંગ, નેત્રહીન, કુષ્ટરોગી એમની સાથે પ્રેમથી રહેવું. તેમની સેવા કરવી. તે પણ ઈશ્વરપૂજા જ છે પણ આપણને દેવી-દેવતાઓની મૂર્તિપૂજા વિશે જ્ઞાન મેળવવું છે.

**વેદ કાળમાં ઇંદ્ર, વાયુ જલ, રુદ્ર, ઔષધિ, અગ્નિ આદિ શક્તિને જ દેવ માનીને સુક્તોથી અને પ્રાર્થના કરીને તેમને પ્રસન્ન કરવાનો પ્રઘાત હતો. કારણ એ શક્તિઓનો ડર લાગતો હતો**

વેદ કાળમાં ઇંદ્ર, વાયુ જલ, રુદ્ર, ઔષધિ, અગ્નિ આદિ શક્તિને જ દેવ માનીને સુક્તોથી અને પ્રાર્થના કરીને તેમને પ્રસન્ન કરવાનો પ્રઘાત હતો. કારણ એ શક્તિઓનો ડર લાગતો હતો. કારણ આ શક્તિઓમાં ચરાચરને નષ્ટ કરવાની તાકાત હતી એટલે શક્તિને પ્રસન્ન રાખવા તેમનું સ્તવન થતું હતું. એમાં ભક્તો કહેતા કે શક્તિ તમે અમને સૌખ્ય અને સુખ પ્રદાન કરો. ઉપરોક્ત શક્તિઓને રૂપ હતું જ નહીં એટલે એમની પાસે જવું સહેલું ન હતું એટલે ઋષિમુનિઓએ આ શક્તિ દેવતાઓને માનવી રૂપ આપ્યું, નર-નારીનો ભેદ કર્યો અને દેવી-દેવદેવતાની નવી સૃષ્ટિ નિર્માણ થઈ. માનવોથી એ શક્તિઓ પ્રબળ હોવાથી આ દેવદેવતાઓને ચાર-છ-આઠ-દસ બાર હાથ આપ્યા, તેમ જ મુખ આપ્યા અને શક્તિપૂજાનો પ્રારંભ થયો.

(ક્રમશઃ)

---

# ગોપીગીત

પંચામૃત
નીલાક્ષી પરીખ



મિત્રો, ગતાંકમાં આપણે જોયું કે પતિ પૈસાથી મકાન ખરીદે પણ એને ઘર તો પત્ની જ બનાવે છે- 'ગૃહિણી ગૃહમુચ્યત' ગૃહિણીને જ ઘર કહેવામાં આવે છે કારણ કે ઘર એનાથી જ બને છે. એટલા માટે ઘરમાં નારીની પૂજા થાય છે. જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે. 'યત્ર નાર્યસ્તુ-પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતાઃ' મતલબ તિલક, ચંદન, ફૂલ, આરતીથી પૂજા એમ નહીં પણ નારીનું સન્માન કરવું, તેને ક્રેડિટ આપવી કે 'એક તું જ છે જેના કારણે આ ઘર વ્યવસ્થિત ચાલે છે, જ્યારથી તું મારી જિંદગીમાં આવી ત્યારથી મારી તો જિંદગી જ બદલાય ગઈ છે!' એમ બીજાને ક્રેડિટ આપતાં શીખવાનું. ગોપીએ શ્રીકૃષ્ણને ક્રેડિટ આપી છે. 'જ્યતિતેડધિકં જન્મના વ્રજઃ, શ્રયત ઈંદિરા શશ્વદત્ર હિ દમિત દશ્યતાં દિક્ષુ તાવકા સ્ત્વયિ, શ્રૃતા સવસ્ત્વાં વિચિન્વતે (1)' જ્યતિતેડધિકં જન્મના વ્રજઃ- ગોપીઓ કહે છે હે પ્રિયતમ! તુમ્હારે પ્રાગટ્યસે બ્રજકી શોભા બઢ ગઈ. 'આપ આયે બહાર આઈ.' તમારા આવવાથી જિંદગી બદલાઈ ગઈ. જ્યારથી તમે અમારી જિંદગીમાં આવ્યા છો ત્યારથી જિંદગી ખૂબસૂરત થઈ ગઈ છે. જિંદગીનો આનંદ વધી ગયો છે. શ્રયત ઈંદિરા શશ્વદત્ર હિ- જ્યારથી તમે અહી આવ્યા છો લક્ષ્મીજી હવે અહીં જ રહે છે. એનો અર્થ એ છે કે અમે ધનવાન થઈ ગયા કારણ કે તમે જ અમારું સાચું ધન છો. 'એક તું ના મિલા સારી દુનિયા મિલે ભી તો ક્યા હૈ?' અમે તમારાથી જ ધનવાન થઈ ગયા. હવે તો રમા, ઈંદિરા, લક્ષ્મી બધાં અહીં જ વાસ કરશે. જુઓ, એક વ્યક્તિ અમેરિકા આવે તો બધાને બોલાવી લે છે. કૃષ્ણ આવ્યા અને લક્ષ્મીજી પણ વૈકુંઠ છોડીને વ્રજમાં વસી ગયાં. જ્યાં ભગવાન છે ત્યાં જ લક્ષ્મીજી નિવાસ કરે છે. જ્યારથી તમે આવ્યા છો ત્યારથી અમારી તો જિંદગી સુધરી ગઈ. તમે ચાલ્યા જશો તો? 'તુમ ચલે જાઓગે તો સોચેંગે, હમને ક્યા ખોયા, હમને ક્યા પાયા? જિંદગી ધૂપ તુમ ઘના સાયા. તુમકો દેખા તો યે ખ્યાલ આયા. આજ ફિર દિલને એક તમન્ના કી. આજ ફિર દિલ કો હમને સમજાયા. જિંદગી ધૂપ તુમ ઘના સાયા.' બસ આ જ શ્રીકૃષ્ણને ધ્યાનમાં રાખીને ગાશો તો ભજન બની જશે. હે કૃષ્ણ! હમ તપ રહે થે ઈસ સંસાર કે તાપમેં તુમ ઘના સાયા બનકર આયે. હમે બડા શુકુન મિલા. તમે આવ્યા જિંદગી સંવર ગઈ. પ્યારે શ્યામ સુંદર અબ દર્શન દો. કોઈ જ્ઞાની હશે તો કહેશે અરે! પરમાત્મા તો સર્વવ્યાપક છે. તો આ ગોપીઓ પાગલ છે? પૂછે છે તમે ક્યાં છો? અરે, એ ક્યાં નથી? એ તો કણ-કણમાં વ્યાપક છે. ગોપીઓ કહે- હશે પણ જ્યાં સુધી અમે અમારી નજરે ન જોઈએ ત્યાં સુધી ચેન કેમ પડશે? એટલા માટે દર્શન દો. 'દયિત દશ્યતાં દિક્ષુ તાવકાઃ સત્વયિ- પ્રગટ થાઓ આ અમારી વિનંતી છે. 'જરા સામને તો આઓ છલિયે છૂપ છૂપ છલને મેં ક્યા રાઝ હૈ? યૂં છુપના સકેગા પરમાત્મા મેરી આત્મા કી યે આવાઝ હૈ' હે કૃષ્ણ પ્રગટ થાવ. જયતિ તેડધિંક-ભગવાનનો જય કેમ? ગોપીગીતનો પ્રારંભ 'જ્યતિ'થી થાય છે. અચ્છાઈ, સત્યનો જય થાવ. મહાભારતનું પ્રસિદ્ધ વાક્ય- 'સત્યમેવ જ્યતે' ધર્મ કી જય, આજ કે આનંદ કી જય. આનંદ વિજયી બને, નિરાશા, હતાશા દુઃખ પર. ભગવાન કલ્પવૃક્ષ છે. જે માંગીએ તે મળે પણ તમારી દુનિયા તમારી ભાવનાથી, તમારા વિચારથી બને તેથી સારું વિચારો, સારા સંકલ્પ કરો. 'ગોપીગીત'ના 19 શ્લોકમાં એકેય વાર કૃષ્ણનું નામ લીધું નથી કેમ? પ્રેમમાં નામ ન લેવાય. નામ તેનો નાશ. પ્રેમી ઈચ્છે નહીં પ્રિયતમનો નાશ થાય. ગોપી પ્રિયતમના રૂપે કૃષ્ણને ભજે છે. તેથી નામને બદલે હે કપટી! હે દયાળુ! જેવા સંબોધન કરે છે. હે કૃષ્ણ! ગોપી નથી કહેતી. એ કહે- તમારા પ્રાગટયથી આ વ્રજની શોભા વધી. 'જકાર' દગ્ધ અક્ષર છે. ગ્રંથકાર આનાથી પ્રારંભ ન કરે. 'વકાર' અમૃતબીજ છે. તુલસીદાસજી 'વકાર' વાપરે છે. 'વર્ણાનામ અર્થ સંઘાનાં રસાનાં છંદ સામપિ.'' શુકવેજી 'વરિયાન્' થી શરૂ કરે. વ્યાસજીએ જકારથી ભાગવતો આરંભ કર્યો કારણ? આપણે સૌ દગ્ધ છે. સંસારના તાપ (દુઃખથી) ભાગવતનો આરંભ 'જન્માદ્યસ્ય યત્' દગ્ધાક્ષરથી છે. આપણે ઈર્ષ્યા, દ્વેષથી બળેલાં દગ્ધ છીએ. દુઃખ, પાપ, તાપ, સંતાપથી સંદગ્ધ છીએ. એને શીતળતા આપવા 'જકાર' થી આરંભ કર્યો ક્યાં સુધી પહોંચ્યા? 'તમ નમામિ હરિમ પરં' સુધી, ભગવાન સુધી. ત્રણ સ્તુતિનો પ્રારંભ જકારથી છે. (1) વરાહ સ્તુતિ- 'જિંત જિતં તે-યજ્ઞસ્વરૂપ વરાહની સ્તુતિ કર્મનિષ્ઠો દ્વારા (2) ગોપીગીત- જ્યતિ તે- ડધિકં- ભક્તિ નિષ્ઠની સ્તુતિ (3) વેદ સ્તુતિ- જય જય જ્ઞાનીથી થયેલી સ્તુતિ. ગોપીગીતમાં ભાવ પ્રવેશ કરીએ. હે પ્યારે!

**ભગવાન કલ્પવૃક્ષ છે. જે માંગીએ તે મળે પણ તમારી દુનિયા તમારી ભાવનાથી, તમારા વિચારથી બને તેથી સારું વિચારો, સારા સંકલ્પ કરો**

તમે આવ્યા, વ્રજની શોભા વધી ગઈ. હવે લક્ષ્મી અહીં જ નિવાસ કરે છે. તમારી પાછળ પાછળ આવી અપ-ડાઉન નથી કરતી. અહીં જ સ્થિર થઈ ગઈ. ભગવાનની અર્ધાંગિની છે અમે ધન્ય અને ધનવાન થયા. હે દયાળુ! દશ્યતા-દીખ જાઓ. અંતર્ધ્યાન હો ગયે હો, પ્રગટ હો જાવ. આપ તો હૈ હી, હમ અનુભવ નહીં કર સકતી. કૃપા કરો, પ્રગટ હો જાવ. આપ દયાળુ છો, કઠોર નહીં બનોગે. અમારાથી અપરાધ થયો છે. રોગીને વૈદ્ય કરુણાથી જુએ, ક્રોધથી નહી. જો ડોક્ટર જ ખીજાય તો ક્યાં જઈએ? અમારામાં બીમારી છે. દ્વેષ, ઈર્ષ્યા, અહં છે તેથી અમે આપને જોઈ શકતા નથી. દર્શન દો. શા માટે? અમે તમારાં છીએ, તમારી વસ્તુને સંભાળી લો. કેવળ તમે મારા જ છો વાળો અહં ગયો. ભૂલ સુધારી. અમે તમારાં છીએ. દીનતા આવી. તમારી વસ્તુની રક્ષા કરવાની જવાબદારી તમારી છે. આપણે જ્યારે એવું માનવા લાગીએ કે કૃષ્ણ ફક્ત મારા તો એ અભિમાન થયું ને! જે રોગને જ સ્વાસ્થ્ય સમજે તેનો સ્વસ્થ થવાનો કોઈ ઉપાય નથી પણ હવે ગોપી કહે છે. અમે મરી જઈશું. કારણ કે અમે અમારા પ્રાણ તમને ન્યૌછાવર કર્યા છે. અમારા પ્રાણ આપનામાં લાગ્યા છે. હે પ્રાણનાથ! અમને બચાવો. જો બચીશું તો આપની સેવા કરીશું. હમ આપકો કામ આયેંગી. આપ અપની ચીજ સંભાલિયે અપની હી સુવિધા કે લિયે. જુઓ મોબાઈલ કામનો છે તો નથી સંભાળતા? ધ્યાન રાખીએ છીએ ને કોઈ ચોરી ન જાય. અમે પણ કામની છીએ. સંભાળો. દર્શન દો ઔર હમે બચાવો.

(પૂ.રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધારે)